# જિલ્લામાં ૩૦ ટકા બાળકો અને ૪૪ ટકા સગર્ભા મહિલાઓ એનીમીક છે : સર્વેનું તારણ

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર જિલ્લામાં ૩૦.૬ ટકા બાળકો એનીમિયાથી પિડીત છે તો ૪૪.૬ ટકા સગર્ભા મહિલાઓ એનીમિક છે.

આ ચોંકાવનારૂ તારણ નેશનલ ફેમિલી હેલ્થ સર્વે પાંચમાં આવ્યુ છે. જિલ્લાનુ બાળપણ એનીમીયાથી કેટલુ પિડીત છે તે વાત સૌ કોઈને હચમચાવી જાય તે સ્વાભાવિક છે.

જિલ્લા ન્યુટ્રીશયન ટાસ્ક ફોર્સની તાજેતરમાં જિલ્લા વિકાસ અધિકારીના અધ્યક્ષપદે મળેલ બેઠકમાં આ મુદ્દે ખુબજ ગહન ચિંતન કરવામાં આવ્યુ હતુ. એનીમીક સગર્ભા માતા થકી બાળક પણ એનીમીક જન્મ લેતુ હોય છે તેવી બાબતો તબીબી જગતમાં ચર્ચાતી હોય છે. એટલુ જ નહિ એનીમીક બાળકને કારણે સ્વસ્થ સમાજ રચના સામે પણ એક પડકાર ઉભો થયો છે.

એનીમીક બાળક અનો સગર્ભા મહિલા એનીમિક હોય તે એક સામાજિક ચિંતાનો વિષય છે. આ બાબતે તંત્રને વધુ અસરકારક અને સઘન કામગીરી કરવાની સૂચના જિલ્લા વિકાસ અધિકારીએ આપી હતી.

સગર્ભા મહિલાની નોંધણી થયેથી જ તંત્ર દ્વારા તેનુ નિયમિત ફોલોઅપ થાય એટલુ જ નહિ તેને પૌષ્ટીક આહારનું મહત્વ સમજાવી અને પરિવારજનોમાં તેનુ મહત્વ સમજાવી જનજાગરણ અભિયાન કરવુ જોઈએ તેવુ તેમણે સૂચવ્યુ હતુ.

કુપોસણની સમસ્યાને નિવારવા માટે લોકોની ભાગીદારી સાથે જનજાગરણ અભિયાન પણ એટલુ જ જરૂરી છે.

બદલાતી જીવનશૈલી અને ખાવાની ટેવો કેવી ચિંતા ઉપજાવે છે તેનું કોઈ ચોક્કસ પ્રતિબિંબ આ આંકડાઓમાં દેખાય છે. એનીમીક માતાની પ્રસુતિ એ ખુબજ કઠીન પડકાર છે.

૬ મહિનાથી પાંચ વર્ષનું બાળક એનીમિક હોય એટલે એની રોગ પ્રતિકારક શક્તિ સામે પણ પ્રશ્નાર્થો ઉદ્દ્ભવે છે. જે રીતે વાયરસ બિમારીનો અજગરી ભરડો સમાજને પીલી રહ્યા છે ત્યારે આ ચિંતા કોઈ એક પરિવાર પુરતી સિમીત નહિ પણ સામાજિક ચિંતા બનીને ઉભરી રહી છે.

લોહીની ઉણપ ધરાવતી મહિલાઓની સંખ્યા પણ જિલ્લામાં ૩૦ ટકા જેટલી સર્વેમાં જણાવાઈ છે. બાળ સ્વસ્થ સમાજ અને તંદુરસ્ત સમાજ માટે તંત્ર સઘન કાર્યવાહી તેમજ જન જાગરણ કરે તે જરૂરી છે.

# સ્ટ્રીટલાઈટ અને વરસાદી પાણીના નિકાલનો મામલો સંકલનમાં પડઘાયો

## ઓ.એન.જી.સી. દ્વારા ખેતરોમાં ખાડા કરવા અને પૂરવા ખેડૂતોના ખર્ચની નીતિ સામે બળદેવજીનો રોષ



ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર શહેરમાં સ્ટ્રીટલાઈટો મોડી ચાલુ થતી હોવાની તેમજ વરસાદના સમયે શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારમાં વીજ પુરવઠો બંધ કરવાને લઈ આજે જિલ્લા ફરિયાદ નિવારણ અને સંકલન સમિતિની બેઠકમાં ગાંધીનગર(ઉ)ના ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડાએ રજુઆત કરી હતી.

તેમણે શહેરમાં વરસાદી પાણીના નિકાલની યોગ્ય વ્યવસ્થાના અભાવે વાહકજન્ય રોગચાળાનો ભય ઉભો થયો હોવાનું પણ કહ્યુ હતુ.

આજે જિલ્લા કલેકટરના અધ્યક્ષપદે મળેલી આ બેઠકમાં કલોલના ધારાસભ્ય બળદેવજી ઠાકોરે તાલુકામાં એન.ઓ.સી. માટે ખેડૂતોના ખર્ચે ખેતરોમાં ઓ.એન.જી.સી. દ્વારા દર દસ ફૂટના અંતરે ખાડા કરવાની નીતિ તેમજ ખાડા પૂરવાની જવાબદારી પણ ખેડૂતોના શિરે નાખવાની વૃત્તિ સામે ખુબજ આક્રોશપૂર્ણ રજુઆતો કરી હતી.

● અનુસંધાન પાન-૭ પર

# કલોલ ખાતે ૧૯મીઅને દહેગામ ખાતે ૨૧મીએ રોજગાર ભરતી મેળો

ગાંધીનગર, તા.૧૬

જિલ્લા રોજગાર વિનિમય કચેરી- મોડલ કેરિયર સેન્ટર ગાંધીનગર દ્વારા જુલાઇ માસમાં દહેગામ અને કલોલ ખાતે રોજગાર ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યું છે.

જેમાં તા. ૧૯મી જુલાઇ, ૨૦૨૨ ના રોજ સવારના ૧૦.૩૦ કલાકે આઇ.ટી.આઇ. આરસોડિયા, કલોલ, તા. કલોલ જિ- ગાંધીનગર ખાતે રોજગાર ભરતી મેળો યોજાશે. જેમાં એસ.એસ.સી. એચ.એસ.સી પાસ, આઇ.ટી.આઇ.ના તમામ ટ્રેડ અને ગેજ્યુએટ થયેલા તમામ ઉમેદવારો ભાગ લઇ શકશે. તેમજ દહેગામ ખાતે રોજગાર ભરતીમેળો તા. ૨૧ મી જુલાઇ, ૨૦૨૨ ના રોજ સવારના ૧૦.૩૦ કલાકે આઇ.ટી.આઇ. દહેગામ ખાતે યોજાશે. જેમાં એસ.એસ.સી, એચ.એસ.સી પાસ, ગ્રેજ્યુએટ અને આઇટીઆઇના તમામ ટ્રેડના ઉમેદવારો ભાગ લઇ શકશે.આ બન્ને રોજગાર ભરતી મેળામાં જિલ્લાના રોજગાર વાંચ્છુક ઉમેદવારોને ભાગ લેવા રોજગાર અધિકારીએ જણાવ્યું છે.



સ્વચ્છ ભારત અભિયાનના લીરેલીરે ઉડાડતી આ તસવીર કોઈ ગ્રામીણ વિસ્તારની કે ગાંધીનગરના અંતરિયાળ વિસ્તારની નથી... આ તસવીર છે જ્યાંથી સ્વચ્છ ભારત અભિયાન ચલાવાય છે અને સ્વચ્છ અને સ્વસ્થ ગુજરાતના પરિપત્રો બહાર પડે છે... એવા ડૉ. જીવરાજ મહેતા ભવન સંકુલની આ તસવીર છે... અહીંયા આરોગ્ય કમિશનર પણ બેસે છે, અહીંયા ગ્રામ વિકાસ કમિશનર પણ બેસે છે.... એટલું જ નહિ પણ ૪૦ જેટલા આઈ.એ.એસ. અધિકારી આ ગંદકી પાસેથી દરરોજ પસાર થતા હશે... છતાં જુના સચિવાલયના બ્લોક નં. ૧૮ની સામેના વિસ્તારમાં ગંદકીના ઢગલા એટલા ભયાનક છે કે, 'જાણે કે ગામ આખાનો એઠવાડ' અહીંયા ઠલવાયો હોય... બીજા અર્થમાં સરકારની અનઅધિકૃત ડમ્પીંગ સાઈટ બની ગઈ હોય એવું દશ્યમાન થાય છે... સાહેબ આ તસવીર જોયા પછી તો એમ થાય કે ચ-રોડ કે ઘ-રોડ સિવાયના વિસ્તારમાં કોઈ ધ્યાન આપતું જ નથી... જાણે કે દિવા તળે અંધારુ જ છે...

# જિલ્લામાં બેવડી ઋતુનો અનુભવ કરતા જિલ્લાવાસીઓમાં રોગચાળાનો ભય

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર જિલ્લામાં છુટા છવાયા સ્થાનો પર હળવાથી મધ્યમ વરસાદ થઈ રહ્યો છે, પણ સાથે ગરમીનો પારો હજુ પણ ૩૩ ડિગ્રી સે.થી નીચે ગયો નથી. બેવડી સિઝનનો અનુભવ લોકો કરી રહ્યા છે અને તેથી જિલ્લામાં રોગચાળાનો ભય ઉભો થયો છે.

જિલ્લામાં સતત ભેજવાળુ વાતાવરણ અને વરસાદી પાણી ભરાઈ રહેવાથી મચ્છરોની ઉત્પત્તિનું સૌથી સાનુકૂળ વાતાવરણ છે. તાજેતરમાં રાજ્યના આરોગ્ય વિભાગે હાઉસ ટુ હાઉસ સર્વેલન્સ માટેની આપેલી સૂચનાના બે દિવસમાં ૭૮૦થી વધુ વાઈરલ ફિવરના દર્દીઓ શોધવાની વાત જિલ્લામાં રોગચાળાની શંકાને વધુ મજબુત બનાવે છે.

જિલ્લામાં લોકો દિવસ દરમ્યાન વાદળછાયા વાતાવરણ વચ્ચે-વચ્ચે ગરમીનો અહેસાસ કરી રહ્યા છે. જિલ્લામાં આમ તો અત્યાર સુધીમાં ૭॥ ઈંચથી વધુ વરસાદ નોંધાઈ ચુક્યો હોવા છતાં હજુ વીજમાંગમાં ઘટાડો થવો જોઈએ તેટલો થયો નથી. પંખા એ.સી. હજુ ઓન છે.

શહેર-જિલ્લામાં વરસાદી પેટર્નમાં પણ બદલાવ જોવા મળી રહ્યો છે. ખંડીય વૃષ્ટિનો અનુભવ સૌને થઈ રહ્યો છે તે ખુબ જ ચિંતાનો વિષય છે. તાલુકાઓમાં વાવણીલાયક વરસાદના આંકડાઓ વચ્ચે હજુ ઘણા ગ્રામ્ય વિસ્તારોમાં ખેડ દરમ્યાન જમીન નીચેથી સુક્કી ભઠ્ઠ હોવાની વાતો ખેડૂતો કહી રહ્યા છે. પિયતની સુવિધા ધરાવતા ખેડૂતો પાણીનું ગાળવણ કરી અને ખેતીને આગળ ધપાવી રહ્યા છે.

જિલ્લામાં હજુ તળાવો ખાલી છે. જો કે વરસાદના આંકડા વિશ્લેષકો સાથે થયેલ વાતચીતમાં તેમણે જણાવ્યુ હતુ કે જૂન-જુલાઈમાં વરસાદનો ધીમો આરંભ થતો હોય છે પરંતુ ઓગષ્ટ સપ્ટેમ્બરમાં વરસાદ સારો નોંધાતો રહ્યો છે. ગાંધીનગર જિલ્લાની નદીઓમાં વરસાદ પછી પણ હજુ પાણી આવ્યુ નથી. એટલુ જ નહિ તળાવોમાં પણ પાણીની આવક જોવા મળી રહી નથી.

જિલ્લામાં જે રીતે બેવડી સિઝનનો અનુભવ થઈ રહ્યો છે તેથી રોગચાળાનો ભય લોકોમાં પ્રવર્તી રહ્યો છે. સિવિલ અને ખાનગી દવાખાનાઓમાં ઓ.પી.ડી.માં વધારો થયો છે. મચ્છરોની ડેન્ટસીટી પણ નોંધપાત્ર જોવા મળી રહી છે.

# જિલ્લામાં ચોમાસુ ૨૦૨૦ની પેટર્ન મુજબ આગળ વધી રહ્યાની ચર્ચા

## ૨૦૨૦ અને ૨૦૨૨માં વરસાદના આંકડા લગભગ સમાન, ૨૦૧૮, ૨૦૧૯, ૨૦૨૧માં વરસાદ ૧૫ જુલાઈ સુધી ઓછો નોંધાયો હતો

ગાંધીનગર, તા. ૧૬

જિલ્લામાં ચોમાસુ ૨૦૨૦ની પેટર્ન મુજબ આગળ વધી રહ્યુ હોવાની વાતો વરસાદના વિશ્લેષકોમાં ચર્ચાનો મુદ્દો બની છે.

જિલ્લામાં ગત્ ચોમાસામાં રહેલી વરસાદની ૨૧ ટકા ઘટ પછી આ વખતે જે ખંડીય વૃષ્ટિનો અનુભવ જિલ્લામાં લોકો કરી રહ્યા છે. એક જગ્યાએ વરસાદ હોય પણ પાંચ કિ.મી. પછી વરસાદનું ટીપુય ના હોય.

જિલ્લામાં ૨૦૧૮થી થઈ રહેલા વરસાદના આંકડાઓને આધાર બનાવી કેટલાક વિશ્લેષકો વરસાદ ૨૦૨૦ની પેટર્ન મુજબ આગળ વધી રહ્યો હોવાનું કહી રહ્યા છે.

૨૦૧૮માં ૧૫મી જુલાઈ સુધીમાં ૯.૫૨ ટકા વરસાદ જિલ્લામાં ચોમાસાના સરેરાશ વરસાદની સાપેક્ષતામાં નોંધાયો હતો. જિલ્લાના ચારેય તાલુકામાં સરેરાશ ૭૫ મી.મી. વરસાદ નોંધાયો હતો.

૨૦૧૯માં વરસાદ ૧૫મી જુલાઈ સુધીમાં ૧૬.૫૫ ટકા અને સરેરાશ ચારેય તાલુકામાં ૧૨૭ મી.મી. જેટલો નોંધાયો હતો.

૨૦૨૦માં ૧૫મી જુલાઈ સુધીમાં જિલ્લામાં સરેરાશ ૨૦૦ મી.મી. અને ટકાવારીના સાપેક્ષમાં જોઈએ તો ૨૫.૫૬ ટકા નોંધાયો હતો. એ વેળાએ જિલ્લાના ચારેય તાલુકામાં વાવણીલાયક વરસાદ નોંધાઈ ચુક્યો હતો.

૨૦૨૧માં જિલ્લાના ચારેય તાલુકામાં ચોમાસાની સરેરાશ સામે માત્ર ૮૪ મી.મી. અને ટકાવારીના સાપેક્ષમાં ૧૦.૯૪ ટકા વરસાદ ૧૫મી જુલાઈ સુધીમાં નોંધાયો હતો. એક પણ તાલુકામાં વાવણીલાયક આ વર્ષમાં થયો ન હતો.

૨૦૨૨માં અર્થાત ચાલુ વર્ષે તા. ૧૫મી જુલાઈ સુધીમાં ટકાવારીના સાપેક્ષમાં ૨૩.૩૬ ટકા અને ચારેય તાલુકામાં સરેરાશ ૧૭૮ મી.મી. વરસાદ નોંધાયો છે.

ગાંધીનગર તાલુકા સિવાય અન્ય ત્રણ તાલુકામાં વાવણીલાયક વરસાદ થઈ ચુક્યો છે.

ગાંધીનગર શહેર અને ગ્રામ્ય વિસ્તારના વરસાદના આંકડાઓમાં લગભગ ૧૦ થી ૧૨ મી.મી. જેટલો તફાવત છે.

જિલ્લાના ઘણા ખેડૂતો ખરીફ વાવણી માટે ખેડકામમાં વ્યસ્ત બન્યા છે પણ નીચેથી જમીન કોરી અને સુક્કી મળી રહી હોવાથી ચિંતામાં ગરકાવ થયેલા પણ જોવા મળી રહ્યા છે. વીજળી અને પિયત માટેના પાણીના દરોમાં વધારો થયો

● અનુસંધાન પાન-૭ પર

# કહેર યથાવત્ : શહેરમાં ૨૬ અને જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૨૨ નવા કેસ

## ગાંધીનગર શહેરમાં આજે શૈક્ષણિક સંકુલ આઈઆઈટીમાંથી વધુ ૪ કેસ, ઈન્ફોસીટીમાંથી પાંચ કેસ, સરગાસણ, સે. ૮, સે. ૨, સે. ૩૦, સે. ૭ માંથી ૨-૨ કેસ તેમજ સે. ૨૫, ૩-એ-ન્યુ, સે. ૧, સે. ૧૭, પેથાપુર, વાવોલ, કુડાસણમાંથી કેસો મળી આવ્યા છે

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાનો કહેર યથાવત્ રહ્યો છે. ગાંધીનગર શહેરમાં ૨૬ નવા કેસ અને ગ્રામ્યમાં નવા ૨૨ કેસ નોંધાયા છે.

ગાંધીનગર શહેર-જિલ્લામાં કેસોની સંખ્યામાં વધ-ઘટની સાથે સાથે લોકલ ટ્રાન્સમિશનથી જે રીતે કેસો સામે આવી રહ્યા છે તેણે તંત્રની ચિંતા વધારી છે.

શહેર-જિલ્લામાં મહિલા દર્દીઓ, મોટીવયના લોકો અને ટીનેજર્સ જે રીતે સંક્રમિત થઈ રહ્યા છે તેણે પણ તંત્રની ચિંતા વધારી છે. જીનોમ સિકવન્સ માટે મોકલાયેલા સેમ્પલના પરિણામો હજુ જાહેર થયા નથી. બીજી તરફ દર્દીઓમાં કોરોનાના હળવા લક્ષણો મળી રહ્યા હોવાથી તંત્રને રાહત છે. હોસ્પિટલાઈઝેશન રેટ ઓછો છે અને દર્દીઓ સતત હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કરી રહ્યા છે તેથી પણ તંત્રને રાહત પણ દોડધામ વધારે છે.

ગાંધીનગર શહેર-જિલ્લામાં કેસોની સંખ્યા સતત વધી રહી છે. એટલુ જ નહિ પણ કોરોનાના કેસો અગાઉના સંવેદનશીલ વિસ્તારો તેમજ નવા વિસ્તારમાંથી મળી રહ્યા હોવાથી તંત્રની ચિંતા વધી છે.

ગાંધીનગર શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં ૧૩ મહિલા અને ૪ ૬૦ થી વધુ વયના દર્દીઓ છે. શહેરમાં સતત કેસો વધી રહ્યા છે અને કોરોના ગાઈડલાઈનના પાલન માટે લોકો જે ઉદાસીનતા બતાવી રહ્યા છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે.

ગાંધીનગર શહેરમાં આજે શૈક્ષણિક સંકુલ આઈઆઈટીમાંથી વધુ ૪ કેસ, ઈન્ફોસીટીમાંથી પાંચ કેસ, સરગાસણ, સે. ૮, સે. ૨, સે. ૩૦, સે. ૭ માંથી ૨-૨ કેસ તેમજ સે. ૨૫, ૩-એ-ન્યુ, સે. ૧, સે. ૧૭, પેથાપુર, વાવોલ, કુડાસણમાંથી કેસો મળી આવ્યા છે.

શહેરમાં આજે ૨૮ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં આજે નોંધાયેલા કેસો સાથે એકટીવ દર્દીઓની સંખ્યા ૧૬૫થી વધુ છે.

શહેરમાં આજે નોંધાયેલા તમામ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. તંત્રએ હોમ આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક રીતે થાય તેમજ જાહેર સ્થાનો પર સોશ્યલ ડિસ્ટન્સીંગ જળવાઈ રહે તે જોવા તાકીદ કરી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે વધુ ૨૨ કેસ નોંધાયા છે. આજે દહેગામમાં ૧ કેસ, ગાંધીનગરમાં ૧૨, કલોલમાં ૯ કેસ નોંધાયા છે. આજે નોંધાયેલ કેસમાં ૧૧ મહિલા દર્દીઓનો સમાવેશ થાય છે.

દહેગામ તાલુકામાં ચેખલાપગી ગામેથી આજે વધુ એક કેસ નોંધાયો છે.

ગાંધીનગર તાલુકામાં કોરોના માટે હોટસ્પોટ બનેલ અડાલજ ગામમાંથી આજે વધુ ૬ કેસ, છાલામાંથી ૨ કેસ ઉપરાંત દંતાલી, ગિફટસીટી, ગિયોડ, રૂપાલમાંથી કેસો મળી આવ્યા છે.

કલોલ તાલુકામાં પાનસર ગામેથી ૭ કેસ મળતા તંત્ર ચોંક્યુ છે. તંત્રએ ગામમાં સઘન સર્વેલન્સ કરવાની સૂચના આપી છે. આ ઉપરાંત રામનગર અને નારદીપુર ગામમાંથી પણ કેસો મળ્યા છે.

ગાંધીનગર તાલુકાના અડાલજમાં એક ૨૧ વર્ષીય યુવકને સઘન સારવાર જરૂરી જણાતાં ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલ દર્દીઓ પૈકી ૨૧ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. ગ્રામીણ વિસ્તારમાં વિદ્યાર્થીઓ સંક્રમિત થઈ રહ્યા હોવાથી તંત્રની ચિંતા વધી છે.

જિલ્લામાં આજે નોંધાયેલા કેસો સાથે એક્ટીવ દર્દીઓની સંખ્યા ૧૦૦ પર પહોંચી છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૫૭૦૦થી વધુ લોકોને હોમ આઈસોલેટ કરાયા છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા

જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

# આલમપુરમાં બાંધકામ તોડવા મામલે આગામી ૩ ઓગષ્ટ સુધી હાઈકોર્ટનો મનાઈ હુકમ

## રહેણાંક અને વાણિજય બાંધકામ તોડવા માટે ગુડાએ નોટીસ આપી હતી

ગાંધીનગર તા ૧૬

ગાંધીનગર જિલ્લાના આલમપુર ગામમાં સર્વે નં ૨૧૧ માં સ્થિત રહેણાંક તેમજ વાણિજય પ્રકારનુ બાંધકામ દુર કરવા મામલે ગુડાએ આપેલી નોટીસ સંદર્ભે હાઈકોર્ટમાં અરજી દાખલ થતા આ કેસ સંદર્ભે હાઈકોર્ટે આગામી તા ૩ ઓગષ્ટ સુધી બાંધકામ નહીં તોડવા મામલે મનાઈ હુકમ આપ્યો છે.

જિલ્લાના આલમપુર ગામમાં સર્વે નં -૨૧૧ માં રહેણાંક અને વાણિજય હેતુના બાંધકામ મામલે ગુડાએ જયલક્ષ્મી ઈન્ફ્રાસ્ટ્રકચરના ભાગીદારોને નોટીસ આપી હતી. બિનખેતીની આ જમીન સંદર્ભે લગત આપી હોવાછતા અને રજાચિઠ્ઠીના અંતે બાંધકામ વેરો વસુલવામાં આવ્યો હતો છતા બાંધકામ દુર કરવા મામલે આપેલી નોટીસ સંદર્ભે વકીલ અશ્વિન વી ત્રિવેદી અને અમીત પી પટેલ મારફતે હાઈકોર્ટમાં પીટીશન દાખલ કરવામાં આવી હતી.આ મામલે હાઈકોર્ટે સુનવણી હાથ ધરીને આ કેસ સંદર્ભે આગામી તા ૩ ઓગષ્ટ ૨૦૨૨ સુધી ગુડાને નોટીસ બજીને પરત ન આવે ત્યાં સુધી બાંધકામ તોડવા મામલે મનાઈ હુકમ આપ્યો છે.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com